Monthly Newsletter

અંક : ૧૮

૧૦ ઓગષ્ટ ૨૦૧૭

# સંગઠિત અવાજ

## Collective Voice of Gujarat

HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat

BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad

www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat

Vihaan Care & Support

## જિલ્લા સ્તરે વિશેષ કામગીરી

- આણંદ એન.પી.+ આણંદ જીલ્લા સંગઠન દ્વારા જિલ્લા સંકલન મિટિંગમાં સહભાગીતા કરવામાં આવી. જેમાં જિલ્લા કલેકટરશ્રીને એચ.આઇ.વી. સાથે જીવતા લોકો ના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી. જે બાબતે જિલ્લા કલેકટરશ્રી દ્વારા જરૂરી સહકાર આપવાની ખાતરી આપી હતી.
- એન.જે.એન.પી.+જામનગર જિલ્લા સંગઠનના લાભાથી એવા ૧૧૧ બાળકોને રીલાયન્સ ઇન્ડ. લી., ખાવડી દ્વારા ન્યુટ્રીશન કીટ વિતરણ કરવામાં આવ્યું. જેમાં લાભાર્થી બાળકો તથા વાલીઓને આવવા જવાની સુવિધા આપવામાં આવી.
- એન.એસ.પી.+ સુરત જિલ્લા સંગઠનના લાભાર્થી એવા ૨૫૦ એચ.આઇ.વી. પોઝીટીવ બાળકો માટે એલ.એન્ડ.ટી. ઇન્ડ. લી. હજીરા દ્વારા શૈક્ષણીક કીટનો સહયોગ મેળવવામાં આવ્યો.
- બી.ડી.એન.પી.+ ભરૂચ જિલ્લા સંગઠન વિહાન ટીમ દ્વારા નારી સંરક્ષણ કેન્દ્રની ૨૪ બહેનો માટે એચ.આઇ.વી. વિષયે તાલીમ આયોજીત કરવામાં આવી હતી. જેમાં એચ.આઇ.વી. સબંધિત માહિતી, સરકારશ્રીની વિવિધ યોજનાઓ, એચ.આઇ.વી. સાથે ના જીવન અંગે માહિતી આપવામાં આવી.
- એન.ડી.એન.પી.+ નવસારી જીલ્લા સંગઠના દ્વારા જિલ્લા તંત્ર સાથે હિમાયત બેઠક કરી એચ.આઇ.વી. સાથે જીવતા ઓપન કેટેગેરીના લાભાર્થીઓને તબીબી સહાયના લાભ હેતું જાતિના દાખલા માટે વિશેષ મંજુરી લેવામાં આવી.

## બાળકોના વિકાસ હેતું શૈક્ષણિક સામગ્રીના સહયોગ



સમગ્ર ગુજરાતમાં સ્થાનિક દતાશ્રીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવ્યો. જરૂરીયાતમંદ એવા એચ.આઇ.વી. સાથે જીવતા કુલ ૧૧૫૩ બાળકોને (૬૯૯ દિકરાઓ તથા ૪૫૪ દિકરીઓ) સ્કૂલબેગ, કંપાસબોક્ષ, લંચબોક્ષ, સ્ટેશનરી, નોટ, ચોપડા, સ્લેટ, વોટરબેગ, છત્રી વગેરે સહાય આપવામાં આવી. જેની અંદજીત કિંમત ૭,૪૮,૭૮૫.૦૦ રૂપિયા હતી. બાળકો કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા, શૈક્ષણિક કીટ મેળવીને ખુશખુશાલ થઇ શાળાના નવા સત્રમાં જવા પ્રોત્સાહિત થયાં. જીએસએનપી+ પરિવાર તમામ દાતાશ્રીઓનો ઉદાર સહયોગ માટે તમામ જીલ્લા સંગઠન વતી હ્રદયપૂર્વક આભાર વ્યકત કરે છે.

## એ.આર.ટી. દવા સાથે પુન:જોડાણ માટે ચિંતન બેઠક

ભારત સરકારશ્રી દ્વારા એચ.આઇ.વી. માટેની ઉચ્ચ ગુણવત્તાવાળી ***એન્ટીરીટ્રોવાયરલ*** દવાઓ ગુજરાત રાજયમાં તમામ જિલ્લા સિવિલ હોસ્પિટલમાં કાર્યરત *એ.આર.ટી. સેન્ટર*માં **નિ:શુલ્ક** આપવામાં આવે છે. આ દવા ***નિયમિત જીવનપર્યંત*** લેવાથી એચ.આઇ.વી. સાથે જીવતા લાભાર્થીઓ સ્વસ્થ અને લાંબું જીવન જીવી શકે છે. તેમજ તેમનામાં રોગપ્રતિકારક શકિતનો પણ વધારો થાય છે. એ.આર.ટી. દવાના વિવિધ લાભો છે, પરંતુ અમુક વ્યકિતગત કારણો અથવા ગેરસમજના કારણે દવા છોડી દેનાર લાભાર્થીઓ નોંધાય છે. જેની જે તે લાભાર્થીને વિપરીત અસર પડે નહી તે માટે જીએસએનપી+ અમલીકૃત જિલ્લા સ્તરીય વિહાન કેર સપોર્ટ સેન્ટર દ્વારા જીસેકસના સીધા માર્ગદર્શન હેઠળ આવા એ.આર.ટી. દવા છોડી દીધેલ લોકોની ગૃહમુલાકાત, સંપરામર્શ વગેરે વિવિધ રીતે સમજાવી ફરીથી એ.આર.ટી. દવામાં વિશ્વાસ જગાડી પુન:જોડાણની કામગીરી કરવામાં આવે છે. ડાયરેકટરશ્રી, સી.એસ.ટી., જીસેકસની અધ્યક્ષતામાં જીએસએનપી+ સાથે ચિંતન બેઠક ૧૪મી જૂલાઇ ૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે કરવા માં આવી હતી. આ સાથે જીએસએનપી.+ અપીલ કરે છે કે... ***જો આપશ્રી એઆરટી દવા છોડી દેનાર લાભાર્થીને જાણતા હોવ તો અમોને સંપર્ક સાધી જે તે વ્યકિતના એ.આઇ.વી. સાથેના સ્વસ્થ જીવન માટે યોગદાન આપશો.***

## નવા જિલ્લા નવી રાહ...અરવલ્લી જીલ્લામાં

હિમાયત બેઠકનું આયોજન જિલ્લા કલેકટરશ્રી શાલીની બેન અગ્રવાલ (આઇ.એ.એસ.) તથા અધિક કલેકટરશ્રી પી.સી. ઠાકર (આઇ.એ.એસ.) સાથે ૨૧મી જૂલાઇ ૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી. બેઠક દરમ્યાન વિહાન કેર સપોર્ટ સેન્ટર અંગેની માહિતી આપી. સંકલન મિટિગમાં જી.એસ.એન.પી.+ને સામેલ કરવા માટે દરખાસ્ત કરવામાં આવી. 'વૈદકિય સહાય' યોજના લાભાર્થી સુધી સરળ રીતે પહોંચે તે માટે સીડીએચઓશ્રી અમરનાથ વર્માને ભલામણ કરવામાં આવી. બેઠકના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૧૫-૧૬ ના સહાયથી વંચિત એવા ૧૮ લાભાર્થીઓને ૧,૦૮,૦૦૦ની સહાય મંજૂર થઇ.

## 'ખાસબાળગૃહ'કલરવ

જી.એસ.એન.પી.+ દ્વારા એચ.આઇ.વી. સાથે જીવતા જરૂરીયાતમંદ અને નિરાધાર બાળકો માટે સુરત અન ગાંધીનગર સ્થિત ખાસ બાળગૃહમાં અવિરત કામગીરી દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ◈૪બાળકોના જન્મ દિવસ ની ઉજવણી કરવા માં આવી.◈સુરત ખાસ બાળ ગૃહ જનનીધામની ૭ વર્ષીય બાળકીના હસ્તે દાતાશ્રીની દૂકાન 'વેશભૂષા'નું ઉદઘાટન થયું. ◈ દાતાશ્રી દ્વારા સંસ્થાને ઇન્વર્ટર, ઘરઘંટી, કબાટ, ઓફિસ ટેબલ-ખુરશીનો સહયોગ પ્રાપ્ત થયો. જીએસએનપી+ દાતાશ્રીઓનો હ્રદયપૂર્વક આભાર વ્યકત કરે છે.

## અંતરીયાળ ગામે સંગઠનની સેવાનો 'જીવન આધાર'

દાહોદના અંતરીયાળ કઠલા ગામમાં એક એચ.આઇ.વી. પોઝીટીવ દંપતિ ૩ બાળકો સાથે ખેતમજૂરી કરી જીવન જીવી રહ્યા હતાં. પતિ અંધશ્રધ્ધામાં માનતા હોવાથી તેમણે એચ.આઇ.વી.ની સારવાર છોડી દીધી હતી. પરિણામે તેમનું ટૂંકી બિમારીમાં અવસાન થયું. નાની ઉંમરમાં વિધવા થયેલ સંગીતાબેન ૩ નાના બાળકો સાથે પિયર રહેવા આવી ગયા. માર્ગદર્શનના અભાવે તેમણે પણ એ.આર.ટી. સેન્ટર પર છ મહિને આરોગ્ય તપાસ માટે ગયા નહી. જેની વિગત દાહોદ જિલ્લા સંગઠન વિહાન કેર સપોર્ટ સેન્ટરને એ.આર.ટી. સેન્ટર દ્વારા આપવામાં આવી. જે વિગત અનુસાર ઘર મુલાકાત કરતા માલૂમ પડયું કે હાલ સંગીતાબહેન તેમના પિયરમાં રહે છે. ખૂબ જ આજીજી બાદ સાસરાપક્ષ દ્વારા તેમનું નવું સરનામું આપ્યું જે સ્થળની ઘરમુકાલત કરવામાં આવી. સંગીતબહેનની આપવીતી જાણી સંપરામર્શ કરી દવા પર ફરી વિશ્વાસ પ્રસ્થાપિત કરી એ.આર.ટી. સેન્ટર પર પુન: જોડયા અને તેમની એઆરવી દવા શરૂ કરાવી. તેમના ૩ બાળકોની એચઆઇવી તપાસ કરવામાં આવી. જે રીપોર્ટ નેગેટીવ આવ્યા. સંગીતાબેનના પતિના મરણનો દાખલો, બાળકોના જન્મના દાખલા, આધાર કાર્ડ, ચૂંટણીકાર્ડ કાર્ડ, બેન્ક ખાતું, તબીબી સહાય, આવક જાતિના દાખલા, રાષ્ટ્રીય કુંટુંબ સહાય યોજના વગેરેમાં સફળતાપૂર્વક જોડવામાં આવ્યા. હવે તેમની પાસે એચ.આઇ.વી.સાથેના જીવનની દરેક મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત અને આશા છે. સંગીતાબહેનના કહેવા મૂજબ સંગઠનની સેવાનો તેમને એક નવો જીવન આધાર મળ્યો છે.


આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે.

સંપર્ક : સુરત મુખ્ય ઓફિસ : ૦૨૬૧ ૨૫૩૦૦૦૨, અમદાવાદ શાખા ઓફિસ : ૦૭૯ ૨૨૧૬૦૮૪૨, ઈમેલ : info.gsnpplus@gmail.com, વેબ સાઇટ : www.gsnpplus.org